

સાઈકલ મહાયાત્રા : ગાંધીનગર રોટરી ક્લબ આયોજિત સાઈકલ મહાયાત્રાને પ્રચંડ પ્રતિસાદ મળતા પર્યાવરણના સંદેશનું જનજન સુધી પહોંચાડવામાં સફળતા મળી હતી. વહેલી સવારથી શહેરના રાજમાર્ગો રોટરી ક્લબના અગ્રણીઓ અને સ્વયંસેવકોથી છવાયા હતા. શહેરના સાઈકલપ્રેમીઓ અને પ્રયાવરણપ્રેમીઓ સાઈકલ યાત્રામાં જોડાતા જનજીવનને નવી દિશા અને દૃષ્ટિ મળી હતી. યુવાનો, કિશોરો અને પ્રૌઢો ઉપરાંત યુવતીઓ પણ મોટી સંખ્યામાં સાઈકલ લઈ યાત્રામાં જોડાયા હતા. ગાંધીનગર રોટરી ક્લબના પ્રયાસને નગરજનોએ ઉત્સાહપૂર્વક બિરદાવ્યો હતો.

# મનપાએ નવ દિવસમાં સવા ત્રણ કરોડની આવક મેળવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ છેલ્લા નવ દિવસમાં ૩.૨૩ કરોડની મિલ્કતવેરાની વસુવલાત મેળવી છે. મિલ્કતવેરાની વસુલાતમાં જંગી આવક મેળવી આ વર્ષે તેના અંદાજીત લક્ષ્યાંકો પ્રાપ્ત કરી વિકાસને નવો વેગ આપવા પ્રતિબદ્ધ બનશે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ તેના આવકના અંદાજો સામે ૭૦ ટકાથી વધુ વસુલાત મેળવી એક અનોખી સિદ્ધિ આ વર્ષે મેળવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના બાકી લેણાં જેવા કે મિલકત વેરો, વ્યવસાય વેરો, લારી-ગલ્લા તેમજ અન્ય લેણાંને જુની ૫૦૦ તથા ૧૦૦૦ની નોટોમાં સ્વીકાર કરવા સરકારશ્રીની સૂચના મળતા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરે ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ નાગરીકોને આ અમુલ્ય તકનો લાભ મળે તે હેતુથી જાહેર સ્થળોએ દસ જેટલા હોર્ડિંગ લગાવ્યા હતા. શહેરના ચાર ડીજીટલ સાઈનેઝીસ મારફત જાહેરાત કરવામાં આવી હતી. શહેરના સેક્ટરોમાં રિક્ષા મારફત જાહેરાત કરવામાં આવી હતી. તેમજ પત્રીકાઓ ઘરે ઘરે વિતરણ કરીને પણ નાગરીકોને આ સ્કીમનો લાભ લેવા પુરતી પ્રસિદ્ધિ કરવામાં આવેલ હતી. જેના પરિણામે નાગરિકોનો હકારાત્મક પ્રતિસાદ મળતા ૧૦-૧૧-૧૬ થી ૧૯-૧૧-૧૬ સુધી રૂ. ૩.૨૩ કરોડ જેટલી માતબર વસુલાત થઈ હતી.

જે બદલ ગાંધીનગર મહાગરપાલિકા વિસ્તારના તમામ નાગરીકોનો મેયરે આભાર વ્યક્ત કરેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હજુ પણ તા. ૨૪-૧૧-૧૬ ના રાત્રીના ૧૦ કલાક સુધી જૂની ૫૦૦ તથા ૧૦૦૦ની નોટો દ્વારા બાકી વેરાની રકમ ભરી શકાશે. આથી ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલે અપીલ કરી છે કે મહાનગરપાલિકાનો બાકી વેરો નિયત સમયમાં ભરી ગાંધીનગર શહેરના વિકાસમાં સહભાગી થઈએ.

## બોગસ તપાસ મામલે ફરીયાદીના સગાએ પોલીસની ધૂળ કાઢી..!

# હિન્દી ફિલ્મો મેં દિખાતે ઘૂંસખોર પુલીસ જૈસે હી દિખતે હો તુમ..!

**ત્રણ દિવસ પહેલા રાત્રે વોકીંગમાં નિકળેલા આઈઆઈઆઈટીના બે વિદ્યાર્થીઓને શાહપુર ચોકડીથી ગીફ્ટ સીટી રોડ પર મહિલા કારચાલકે અડફેટે લીધા હતા : વિદ્યાર્થી મિત્રો અને વાલીઓનું ટોળી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન પહોંચ્યું : તપાસમાં પોલીસે કાર પણ કબ્જે નથી લીધી અને આરોપીનો આલ્કોહોલ ટેસ્ટ પણ નથી કરાવ્યો : આખરે તપાસ પીએસઆઈને સોંપાઈ**

ગાંધીનગર, તા. ૨૦

ત્રણ દિવસ પહેલા શાહપુર ચોકડીથી ગીફ્ટસીટી રોડ પર એક મહિલા કાર ચાલકે રાત્રએ વોકીંગમાં નીકળેલા એક વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થીને અડફેટે લઈ લીધા હતા અને કારચાલક ફરાર થઈ ગઈ હતી. આઈઆઈઆઈટી સે. ૩૦માં અભ્યાસ કરતા બંને વિદ્યાર્થીઓ હોસ્પિટલાઈઝડ છે. વિદ્યાર્થીનીના બંને પગે મલ્ટીપલ ફ્રેક્ચર હોવાથી પગ કપાવવા પડે તેવી સ્થિતિનું નિર્માઆણ થયું છે. આ ગંભીર અકસ્માતમાં સાવ બોગસ અને ઢીલી તપાસ કરી મહિલા આરોપીને બીજે દિવસે પકડી ધરપકડ બતાવીને



થોડીવારમાં મુક્ત કરી દેનાર ઈન્ફોસીટી પોલીસની આજે ઘાયલ વિદ્યાર્થીનીના સગાઓએ રીતસરની ધૂળ કાઢી નાંખી હતી. પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થી મિત્રો અને વાલીઓનું ૨૦૦નું ટોળુ ભેગુ થયું હતું અને હજુ સુધી અકસ્માતગ્રસ્ત ગાડી કબ્જે નહી લેનાર તથા તપાસ દરમ્યાન આરોપી મહિલા કાર ચાલકની ધરપકડ બાદ તેનો આલ્કોહોલ ટેસ્ટ પણ તે દિવસે નહી કરનાર તપાસનીસ અધિકારીને હિન્દી ફિલ્મોમેં દિખતે ઘુંસખોર પુલીસ જૈસે હે દિખતે હો તુમ... કહી તેની બોલતી બંધ કરી દીધી હતી. આખરે આ તપાસ પી.આઈ.એ જમાદાર પાસેથી આંચકી લઈને પીએસઆઈને સોંપી દીધી છે.

મળતી માહિતી મુજબ ૧૭ ઓક્ટોબરે રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં સે. ૩૦ આઈઆઈઆઈટી કોલેજના બે વિદ્યાર્થીઓ સાગરીકા રસ્તોગી અને વિશાલ વૈષ્ણવ વોકીંગમાં નિકળ્યા હતા. તે દરમ્યાન બેફામ ગતિએ શાહપુર ચોકડીથી ગિફ્ટસીટી રોડ પર ગાડી લઈને જઈ રહેલી મહિલા ચાલક જલ્પા શિતાંગ વોરા (રહે. સે. ૨૨, શ્યામલ એપાર્ટમેન્ટ, ૨૫૬/૩)એ બંને વિદ્યાર્થીઓને અડફેટે લઈ લીધા હતા. આ અકસ્માત બાદ આરોપી મહિલા કાર ચાલક જલ્પા રફ્ફુચક્કર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિદ્યાર્થઈની સાગરીકાના બંને પગે મલ્ટીપલ ફ્રેક્ચર થઈ ગયા છે અને આ બંને પગ કપાવવા પડે તે સ્થિતિમાં હોવાનું પરિવારજનોનું કહેવુ છે. તો બીજી તરફ વિશાલ વૈષ્ણવના ડાબા પગે ફ્રેક્ચર અને ખભે પણ

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**વત્સ... તમારી વાત સાચી... શની વક્રી છે... ભણતા હતાં ત્યારે સીલેબસ બદલાઈ જાય.. ગર્લફ્રેન્ડ મળે ત્યારે ફાધરની ટ્રાન્સફર થઈ જાય.. અને કમાણી થાય ત્યારે નોટ બદલાઈ જાય...**

## સાહેબ, ઈન્દ્રોડા ગામમાં મંદિર પાસે બે પેટી દારૂ ઉતર્યો...!

ઈન્દ્રોડા ગામમાંથી એક જાગૃત નાગરિકનો બપોરે જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન આવ્યો કે 'સાહેબ, ઈન્દ્રોડા ગામના નાડીયા વાસમાં માતાજીના મંદિર પાસે બે પેટી દારૂ ઉતર્યો અને બોટલો વેચાય છે..!' કંટ્રોલ રૂમમાંથી ઈન્ફોસીટી પોલીસને વર્ધી મળી અને પોલીસે સ્થળ પર જઈને તપાસ કરી હતી. પોલીસ પહોંચી અને અહીં કાંઈ મળી આવ્યું ન હોવાનો 'નીલ રીપોર્ટ' કર્યો હતો. કૉલ કરનાર વ્યકિતએ બોગસ કૉલ કર્યો કે બુટલેગરને ખબર પડી ગઈ કે પોલીસ આવે છે એટલે ગાયબ થઈ ગયા? તે સવાલ ઉભો થયો છે...!

## શહેરમાં ઠંડી વધી : પારો ૧૨.૫ ડિગ્રી

નવેમ્બર માસના બીજા પખવાડીયાના પ્રારંભે ઠંડી વધી રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં વસાહતીઓએ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો. આ વર્ષે ઠંડીએ જમાવટ કરી છે. દિવસ દરમ્યાન હજુ ઠંડા પવનો ન ફુંકાતા ઠંડી લાગતી નથી અને ગરમ વસ્ત્રો પહેરવા પડતા નથી. પરંતુ સાંજ પડતાં જ ગ્રીનસીટી ગાંધીનગર ઠંડકના કવચ હેઠળ આવી જાય છે. સાડા પાંચ છ વાગતા જ અંધકારના ઓળા ઉતરી આવે છે તે સાથે જ વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે. જેમ જેમ રાત થતી જાય છે તેમ તેમ ઠંડી વધતી જાય છે. ખાસ કરીને બાળકો અને વડીલોને ગરમ વસ્ત્રો પહેરાવવા જ પડે તેવી ઠંડી ઘરમાં પણ લાગે છે. દ્વિચક્રી વાહન પર બહાર નીકળીએ ત્યારે તો ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. વહેલી સવારે પણ આવુ જ વાતાવરણ રહે છે. છેલ્લા કેટલાક દિવસોથી ૧૩-૧૪ ડિગ્રીની આસપાસ ફરતુ રહેલુ લઘુત્તમ તાપમાન આજે ઘટ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં વસાહતીઓએ આકરી ઠંડી અનુભવી હતી. મહત્તમ તાપમાન ૩૪.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યુ હતુ.

# ફિરોજપુર પાસે મુસાફરો ભરેલી લકઝરી પલ્ટી ખાઈ જતા અફડાતફડી

ગાંધીનગર, તા.૨૦

મુંબઈ બોરીવલીથી રાજસ્થાન જઈ રહેલી શ્રીનાથજી ટ્રાવેલ્સની લકઝરી નેશનલ હાઈવે નં. ૮ નાના ચિલોડાથી મોટા ચિલોડા તરફ ગઈ વહેલી સવારે પસાર થઈ રહી હતી ત્યારે ફિરોજપુર પાટીયા પાસે અચાનક આ બેફામ જતી મુસાફરો ભરેલી લકઝરી પલ્ટી ખાઈ જતા અફડાતફડી મચી ગઈ હતી. બારી બાજુ બેઠેલા મુસાફરો પૈકી બે મુસાફરોના હાથ કપાઈ ગયા હતા. ૨૬ પૈકી પાંચની હાલત ગંભીર જણાતા અમદાવાદની હોસ્પિટલ લઈ જવાયા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. ડભોડા પોલીસે ક્રેઈન બોલાવીને લકઝરી ઉઠાવી ડ્રાઈવર સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી મહિતી મુજબ શ્રીનાથજી ટ્રાવેલ્સની લકઝરી નં. આર.જે. ૨૭ પીએ ૮૮૬૬ મુંબઈ બોરીવલીથી મુસાફરો ભરીને રાજસ્થાન જઈ રહી હતી. ગઈ કાલે મધરાત્રે લકઝરી નેશનલ હાઈવે નં. ૮ પરથી પસાર થઈ રહી હતી. સડસડાટ જતી આ લકઝરીમાં સવાર ૨૬ મુસાફરો મધરાત્રે નિંદ્રાધીન હતા. નાના ચિલોડાથી મોટા ચિલોડા તરફ લકઝરી જઈ રહી હતી તે દરમિયાન ત્રણેક વાગ્યાના અરસામાં લકઝરી ફિરોજપુરા પાટીયા પાસે પલ્ટી મારી જતા મુસાફરોની ચિચિયારીઓથી ફિરોજપુર ગુંજી

● અનુસંધાન પાના - ૭ પર

# નોટબંધીથી મંદીના એંધાણ : બજેટ અંદાજો ઊંધા વળશે, ટેક્સ વસૂલાતમાં ૧૫ હજાર કરોડનો ઘાટો

નોટબંધીના ભૂકંપ પછી તેના આફટર શોક ગુજરાત સરકારના બજેટમાં જોવા મળી શકે છે. સરકારની વેરાની આવકોમાં મોટો ઘટાડો નોંધાશે. રિયલ એસ્ટેટ પાંચ વર્ષ પાછળ ધકેલાયું છે. નોટના અભાવે લોકોની ખરીદશક્તિ ઘટી છે પરિણામે ઉત્પાદન અને રોજગારી પર માઠી અસર પડી છે. સરકારની વેરાની મુખ્ય આવકો પૈકી સ્ટેમ્પડ્યુટી, જમીન મહેસૂલ, મનોરંજન કર, વાહનવ્યવહાર વેરા તેમજ વેલ્યુ એડેડ ટેક્સની આવક ઘટશે. નાણાં વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ચલણની તંગી જો આટલી માત્રામાં ચાલુ રહી તો માર્ચના અંત સુધીમાં છેલ્લા પાંચ મહિનામાં સરકારની મહેસૂલી આવકમાં ૨૦ ટકાનો ઘટાડો થવા સંભવ છે, પરંતુ જો જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં સ્થિતિ સુધરે તો પણ આવકમાં ૧૦ થી ૧૫ ટકા ઘટાડો થઈ શકે છે. બજેટની રજૂઆત વખતે સરકારે અંદાજ બાંધ્યો હતો કે તેની સરકારી મહેસૂલી આવક ૧૧૬૩૬૬ કરોડ થવાનો અંદાજ છે, જો આ અંદાજને ધ્યાને લઈએ તો સરકારને વર્ષના અંતે ૧૫૦૦૦ કરોડ સુધીની આવક ઓછી મળી શકે છે.

**● ભારતમાં ૧૨ થી ૧૮ મહિના કપરો સમય...**

ચલણી નોટોની બંધીના કારણે હિન્દુસ્તાનમાં દબેપાંવ મંદી આવી રહી હોવાની આગાહી અર્થશાસ્ત્રીઓ કહી રહ્યાં છે. પ્રાથમિક આંકડા પ્રમાણે પાંચ લાખ કરોડ બેન્કોમાં જમા થઈ ગયા છે અને હજી ૧૦ લાખ કરોડ બાકી છે. આ સ્થિતિમાં જો પાંચ લાખ કરોડ પણ જમા નહી થાય તો અર્થતંત્રને મોટું નુકશાન થવાની સંભાવના છે. એમ્બિટ કેપિટલના અહેવાલ અનુસાર ઓક્ટોબર થી ડીસેમ્બર દરમિયાન ભારતીય અર્થતંત્ર સંકોચાશે અને ઓક્ટોબરથી માર્ચ સુધીના છ મહિનામાં વૃદ્ધિ દર માત્ર ૦.૫ ટકા રહેશે. સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ''માત્ર ચાલુ નાણાકીય વર્ષમાં નહિ પણ ૨૦૧૭-૧૮નો વૃદ્ધિ દરનો અંદાજ પણ ૭.૩ ટકાથી ઘટી ૫.૮ ટકા રહેવા સંભવ છે.'' વિદેશી રોકાણકારોને સલાહ આપતી અન્ય સંસ્થા ઓલ્ડ બ્રીજ કેપિટલ પણ માને છે કે આગામી ૧૨ થી ૧૮ મહિના સુધી કપરો સમય રહેશે.

**● ખરીદી કરવા માટે રૂપિયા નહીં કાર્ડ રાખો...**

આપને કોઈપણ ખરીદી કરવી છે તો સાથે રૂપિયા નહીં ડેબીટ કે ક્રેડીટ કાર્ડ રાખો કે જેથી લાઈનની ઝંઝટ નહીં અને છૂટાની રામાયણ પણ નહીં. મોદી સરકાર આપણને કાર્ડ વાપરતાં શિખવી રહી છે કે જેનુંચલણ વિશ્વના વિકાસશીલ દેશોમાં છે. બદલાવાનું ગ્રાહકોએ નથી પણ વેપારીઓએ સિસ્ટમનો ઉપયોગ કરતાં શિખવાની જરૂર છે. શોપીંગ મોલમાં દરેક શોપકિપર પાસે કાર્ડ સ્વાઈપ કરવાનું મશીન હોય છે તેવું મશીન હવે કરિયાણાની દુકાન ધરાવતા વેપારી પાસે હોવું જરૂરી છે. શાકભાજી વેચતા ફેરિયા પાસે હોવું જોઈએ. ભારત કેશલેસ ટ્રાન્ઝક્શનમાં આગળ વધે તેવો મોદીનો પ્લાન હોઈ શકે છે. ચલો અચ્છા હુઆ.. મોદીએ પહેલાં ઓનલાઈન વોટીંગ કરાવ્યું હવે ઓનલાઈન ટ્રાન્ઝક્શન કરાવશે.

**● સ્વીડનની રોકેટ સ્પીડ, ૯૭ ટકા કેશલેસ...**

વિશ્વના દેશોમાં કેશલેસ ટ્રાન્ઝેક્શન વધતું જાય છે. વિશ્વના એવાં ઘણાં દેશો છે કે જ્યાં બેન્કિંગ સિસ્ટમ મજબૂત હોવાથી લોકો ભારતની જેમ કરન્સી લઈને ફરતા નથી. સ્વીડન એવો દેશ છે કે જ્યાં ૯૭ ટકા નાણાકીય વ્યવહાર કેશલેસ થાય છે માત્ર ત્રણ ટકા વ્યવહારમાં લોકો નોટ લઈને ખરીદી કરવા જાય છે. નેધરલેન્ડમાં ૮૫ ટકા, બેલ્જિયમમાં ૯૩ ટકા, કેનેડામાં ૯૦ ટકા, ફ્રાન્સમાં ૯૨ ટકા અને દક્ષિણ કોરિયામાં ૮૦ ટકા પેમેન્ટ કેશલેસ છે. ટ્રાન્ઝેક્શનમાં અગ્રેસર ગણાતા અન્ય દેશોમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને જર્મનીનો સમાવેશ થાય છે. સોમાલી લેન્ડના નામનો દેશ મોબાઈલ ટ્રાન્ઝેક્શનમાં મોટી નામના ધરાવે છે. કેન્યા અમેરિકાનો અલ્પવિકસિત પ્રદેશ છતાં ત્યાં સંપૂર્ણ કેશલેસ સુવિધા છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

## રોકડ વ્યવહારમાં પરિવર્તન- કેશલેસ ટ્રાન્ઝકશનનો સમય આવ્યો છે | ગુજરાત કોંગ્રેસ બદલાવ ઈચ્છે છે, પ્રિયંકા ગાંધીને મોકલવા રિક્વેસ્ટ | ગુજરાતમાં બે મહિનામાં પાંચ લાખથી વધુ લોકો બેકાર થવાનો ભય

**● હવે બેકારીનો મહા સંગ્રામ જોવો પડશે...**

નોટબંધીના કારણે પ્રાઈવેટ કંપનીઓ અને ગુજરાતના વિવિધ ધંધા-રોજગારમાં બહુ મોટો બદલાવ આવી રહ્યો છે. અસંગઠીત ક્ષેત્રના કામદારોને સૌથી વધુ અસર થાય તેમ છે. તેમની રોજગારી બે ત્રણ મહિના સુધી છિનવાઈ શકે છે. એક સર્વે પ્રમાણે ગુજરાતમાં ઓછામાં ઓછા પાંચ લાખ કામદારો અને નોકરીયાતો પર અલ્પસમયની બેકારીનો ભય ઉભો થયો છે. કાયદેસરનું ચલણ નહીં હોવાથી લોકોની ખરીદશક્તિ ઘટી છે તેથી ઉત્પાદન પર માઠી અસર પડી છે. ભારતીય રિઝર્વ બેન્ક જો ૨૪મી નવેમ્બરની મુદતમાં વધારો નહીં કરે તો તેની ઈફેક્ટ ખૂબ ઝડપથી આવી શકે તેમ છે. સુરત જેવા શહેરમાં તો કોસ્ટ કટીંગ શરૂ થઈ ચૂક્યું છે. અમદાવાદમાં પણ ધીમે ધીમે તે આવી રહ્યું છે. રોજનું કામ કરીને રોજનું વેતન મેળવતા કામદારોને પેમેન્ટ મળતા નથી.

**● પ્રિયંકા ગુજરાત આવે તેવી કોંગ્રેસને ઇચ્છા...**

ઉત્તરપ્રદેશની ચૂંટણી પછી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ પ્રિયંકા ગાંધીને ઈચ્છી રહ્યાં છે. કોંગ્રેસના નેતાઓ કહે છે કે અમે ચૂંટણી પ્રચાર માટે પ્રિયંકા ગાંધી ગુજરાત આવે તેવી ઈચ્છા રાખીએ છીએ. પ્રદેશ કોંગ્રેસની દરખાસ્ત જો સ્વિકારવામાં આવે તો પ્રિયંકા ગાંધીનો સીધો મુકાબલો ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે થશે, કારણ કે પ્રદેશ ભાજપ પણ નરેન્દ્ર મોદીને ગુજરાતના સ્ટાર પ્રચારક તરીકે ઈચ્છી રહી છે. ગુજરાતની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સિવાય ભાજપનો ઉદ્ધાર નથી તેવું પાર્ટીના સિનિયર નેતાઓ માની રહ્યાં છે. મોદી પણ દિલ્હીની ગાદી બચાવવા અને ૨૦૧૯ની વૈતરણીપાર કરવા ગુજરાતને ગુમાવવા માગતા નથી. પાર્ટી સૂત્રો કહે છે કે મોદીની આજ સુધીમાં જેટલી સભાઓ થઈ નથી તેટલી ૨૦૧૭ની ચૂંટણીમાં થઈ શકે છે. કોંગ્રેસના નેતાઓ મોદીના પ્રચારને ખાળવા સ્ટેટેજી માસ્ટર પ્રશાંત કિશોરને પણ ઈચ્છી રહ્યાં છે.

**● કોર્પોરેટ વર્લ્ડ સોશ્યલ મિડીયાના સહારે...**

કોર્પોરેટ સિસ્ટમમાં સોશ્યલ મિડીયાનો પ્રભાવ વધતો જાય છે. સર્વે કહે છે કે પાંચ વર્ષમાં સોશ્યલ મિડીયાના માર્કેટીંગમાં વિવિધ કંપનીઓએ બમણો ખર્ચ કર્યો છે. બી ટુ બી ની ૮૬ ટકા ફર્મ પૈકીની ૮૬ ટકા ફર્મ અને બી ટુ સી ની ૮૨ ટકા ફર્મ સોશ્યલ મિડીયામાં કાર્યરત છે. કંપનીઓ તેમના બ્રાન્ડીંગ સોશ્યલ મિડીયા પર કરી રહી છે જેમાં તેમને અભૂતપૂર્વ રિસ્પોન્સ મળ્યો છે. ૬૦ ટકા બી ટુ બી અને ૫૪ ટકા બી ટુ સી ફર્મ એવું કહે છે કે તેમને સોશ્યલ મિડીયા માટે કોઈ સ્ટાફની જરૂર નથી. કંપનીઓને તેમના માર્કેટીંગ માટે સોશ્યલ મિડીયામાં ત્વરીત ફાયદો આપતી સોશ્યલ સાઈટ્સ હોય તો તે ફેસબુક છે. બીજાક્રમે ટ્વિટર અને ઈસ્ટાગ્રામ આવે છે. જેમને માર્કેટીંગ ખર્ચ ઓછો કરવો છે તેઓને વોટ્સ અપ બ્રોડકાસ્ટીંગ સિસ્ટમથી વધારે ફાયદો છે.

**● ૨૦૦૦ની જગ્યાએ ૨૦૦ની નોટની જરૂર હતી...**

નોટ બદલાવવામાં લાઈનમાં ઉભેલા એક સિનિયર સિટીઝનનું કહેવું હતું કે ભારત સરકારે ૧૦૦૦ અને ૫૦૦ની નોટ પર પ્રતિબંધ મૂકીને પહેલાં ૨૦૦૦ની નોટ છાપવાનું નક્કી કર્યું હોવાથી સમસ્યા વધુ વિકરાળ બનતી જાય છે. રિઝર્વ બેન્કે જો ૨૦૦૦ની જગ્યાએ ૨૦૦ રૂપિયાના દરની નોટ બહાર પાડી હોત અને ૨૦૦૦ની નોટની જગ્યાએ ૫૦૦ રૂપિયાની નવી નોટ છાપવા પર ધ્યાન આપ્યું હોત તો આર્થિક કટોકટીનો આટલો વરવો ચહેરો જોવા મળ્યો ન હોત. સામાન્ય લોકો માટે મોટા પેમેન્ટ ઓનલાઈન થઈ શકે છે પરંતુ નાની ખરીદી માટે નાની નોટની જરૂર છે. આજે સ્થિતિ એવી છે કે ૨૦૦૦ની નોટ મેળવીને સેલ્ફિ લઈ લીધી પરંતુ તે નોટ વટાવવા જઈ શકાતું નથી, કારણ કે વેપારીઓ પાસે છૂટ્ટા નથી. ૨૦૦૦ની નોટ લઈને શાકભાજી કે કરિયાણું લેવા જાવ છો ત્યારે બીલ ૨૦૦ કે ૩૦૦ રૂપિયા થાય ત્યારે વેપારીઓ પાસે ગ્રાહકને ચૂકવવા માટે ૧૮૦૦ કે ૧૭૦૦ રૂપિયા નથી.

**● નોટબંધી પછી મોદીની અગ્નિપરીક્ષા...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધેલા મોટી નોટોની બંધીના નિર્ણયની અસર કેવી છે તેનો ચૂંટણી થવાની છે તે રાજ્યોમાં સર્વે ચાલી રહ્યો છે ત્યારે સાત રાજ્યોની ૧૦ વિધાનસભા અને લોકસભાની ૪ બેઠકો પર થયેલી પેટા ચૂંટણીમાં મોદીની લોકપ્રિયતાનો ટેસ્ટ સોમવારે ૨૨મી નવેમ્બરે મપાઈ જશે. મોદીની આ પરીક્ષા છે. નોટબંધીના નિર્ણય પછી લેવાયેલી આ ચૂંટણી આસામ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, તામિલનાડુ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ અને પોંડીચેરીમાં થઈ છે. લોકોનો મૂડ પારખવાની આ બેસ્ટ કસોટી છે, કારણ કે ૨૦૧૭માં ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. નોટબંધીનો વિરોધ કરતી પંઆમ આદમી પાર્ટી પંજાબમાં અને સમાજવાદી પાર્ટી તેમજ બહુજન સમાજ પાર્ટી ઉત્તરપ્રદેશમાં હાલ જોરમાં છે. મોદીએ આ રાજ્યોમાં આર્થિક અસરો અંગે ગહનતાથી સર્વેક્ષણ કરાવ્યું છે.

**● એજન્ડા જુદા હોવાથી વિપક્ષો એક નથી...**

ભારતમાં બિન ભાજપ એવી પાર્ટીઓના એજન્ડા કોમન નહીં હોવાથી તેઓ એક થઈ શકતા નથી. મોદી સરકાર જે નિર્ણય લેતા હોય છે તેના સકારાત્મક અને નકારાત્મક પાસાઓ હોય છે. નકારાત્મક પાસાઓમાં વિરોધપક્ષોની નબળાઈ મોદી સમજી ચૂક્યાં છે તેથી તેમના નિર્ણયનો મોડે મોડે પણ અમલ થઈ શકે છે. દેશની મુખ્ય પાર્ટીઓમાં કોંગ્રેસના એજન્ડા અલગ છે. સમાજવાદી પાર્ટી અલગ રાહ પર છે. બહુજન સમાજ પાર્ટી તેનું વોટબેન્કનું રાજકારણ આગળ કરે છે. મમતા બેનરજીનો પક્ષ ટીએમસી માત્ર પશ્ચિમ બંગાળને આગળ રાખે છે. જયલલિથાની પાર્ટી પણ તામિલનાડુના રાજકારણથી ઉંચે નથી. એકમાત્ર બિહારના ચીફ મિનિસ્ટર નિતીશ કુમારની પાર્ટી જેડી-યુ દેશના એજન્ડા સાથે ચાલે છે, વિપક્ષોની એકતાના અભાવે મોદી સરકારને અનેક લાભ મળી રહ્યાં છે.